સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

માણસ થયો વામન, મૂર્તિઓની ઊંચાઇ વધી!
મંદિરો થયાં વિશાળ, માણસની લુચાઇ વધી!
'ઊંચાઇ'માં જામી, સ્પર્ધા સૌથી વધુ 'બનાવવાની'
સમજ ઘટી, વાદ-વિવાદ સાથે ખેંચાઇ વધી!
(હવે સૌથી ઊંચું 'ચંદ્રમંદિર')

હાઈકુ

'બનાવી આવ્યા!'
વિશ્વના વડા કને-
વાતોનાં વડાં..
(૨૦-જી પુરું)

ગવર્વન્સને
ડિઝિટલ ઇન્ડિયા!
થયો વિકાસ!!
(ન દેખાય - ન સમજાય)

ચિંતન

બાલે બાલા વિદુષિ વિબુધા ગાયને ગાયને શાઃ શૂરે શૂરા નિગમવિદ્દિ યામ્નાયલીલા ગૃહાણિ ।
સિદ્ધે સિદ્ધા મુનિષુ મુનયઃ સત્સુ સંતો મહાન્તઃ પ્રૌઢે પ્રૌઢાઃ કિમિતિ વયસા તાદંશા યાદંશેષુ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે : જે દરેકની જેવી વૃત્તિ હોય તેવાની સાથે તેવા થઇ સામ્યતાનો સદ્‌ગુણ કેળવવાની સમજ આપે છે.

'બાળકની સાથે તદ્દન નિર્દોષ બાળક જેવા, અને વિદ્વાનની સાથે એની સમકક્ષ જ્ઞાન ધરાવતાં હોય એવા વિદ્વાન જેવા, ગીત-સંગીતના જાણકારની સાથે એમના જ રસ વિષયની ઉંડી-મર્મજ્ઞ સંગીત રસિક જેવી વાત કરી શકનારા, શૂરવીર સાથે એવું જ શૌર્ય બતાવી શકનારા, વેદોની જાણકારવાળા વેદાંતી સાથે શાસ્ત્ર મર્મજ્ઞ જેવી જ વાત-વિવાદ કરી શકનારા, સિદ્ધ જન સાથે સિદ્ધિઓની ચર્ચા કરનારા-મુનિઓ સંતોની સાથે સરળ સ્વભાવના સાધુ જેવી વિનમ્રતા દર્શાવનારા, સંત-મહંત જેવા અને પ્રૌઢજન સાથે એવી જ પાકટ વાતચીત કરી શકનારા-આવા સર્વક્ષેત્રના જાણકાર જેવાની સાથે તેવા થઇ જનારા વીરલા બહુ ઓછા હોય છે.'

સુવિચાર

- પ્રેમને બુદ્ધિ, અનુભવ કે કલ્પના સાથે કોઇ સંબંધ નથી, તે તો દરરોજ જીવાતા જીવનનો એક જ ભાગ છે - રજનીશ
- વેદનાને જો પંપાળે રાખીએ તો તે ફરિયાદ બની જાય છે - એસ. ભટ્ટાચાર્ય
- ઉદાસી, નિરાશા, હતાશા એ જીવનનો સ્વાભાવિક ક્રમ છે, પણ આપણે તેને કેટલો સમય ટકવા દેવી એ આપણા હાથની વાત છે - જૈનસૂત્ર
- અલગ-અલગ હૈ સભી અધૂરે, સબ મિલકર હી તો હોંગે હમ પૂરે - મૈથિલીશરણ ગુપ્ત
- સૌમ્ય થયું એટલે પોતાની જાતથી અને બીજાઓથી સંતુષ્ટ હોવું, પ્રસન્ન ચિત્તવાળા હોવું એ મોતીના ખજાનાના દાન કરતાં પણ સારું છે - હેઝલીટ
- સમયની સાથે જીવનસાથીનો બદલાતો દેખાવ આપણે સહજતાથી સ્વીકારી લઇએ છીએ પરંતુ એ જ સમયની સાથે બદલાતો સ્વભાવ આપણને નડ્યા કરે છે- હંસલ ભચેચ
- માણસ કૂતરો ખરીદે પછીયે પોતે ભસ્યા કરે તો મૂર્ખ ગણાય - ચીની કહેવત

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

એક ગામમાં માણસે પોપટ પાળ્યો હતો. પાંજરે પૂર્યો હતો. સુખી હતો પણ કેદી જીવન એને ગમતું નો'તું.

એકવાર તેના માલિકે કહ્યું હું ફલાણે ગામ જાઉં છું સાંજે પાછો આવીશ. પોપટ કહે ત્યાં મંદિરમાં પીપળા પર મારો ગુરૂ રહે છે. અર્જૂન, અર્જૂન કહેશો એટલે એ નીચે આવશે. અને કહેજો - 'આઝાદ ગુરૂને કેદી શિષ્યના પ્રણામ' - પછી એ જ સંદેશ આપે તે મને કહેજો.

માલિક સાંજે આવ્યો. પોપટ, ગુરૂનો સંદેશ સાંભળવા ઉત્સૂક હતો. માલિકે કહ્યું, કોણ જાણે કેમ જેવો મેં એને સંદેશ આપ્યો કે તે તરફડીયા ખાઇ નીચે પડ્યો. હું તો ગભરાઇને ત્યાંથી રવાનો થઇ ગયો.

આ સાંભળી પાંજરે પૂરાયેલો પોપટ પણ પાંજરામાં પડ્યો અને તરફરડવા લાગ્યો.

માલિકે વિચાર્યું આ મરી જાય એનાં પહેલાં જ ઉકરડે નાખી આવું. એને ઉકરડે ફેંક્યો.

પોપટ હસતો હસતો ઉડ્યો અને માલિકને કહે, જૂઓ! મારા ગુરૂએ તમારા મારફત જ છૂટવાની યુક્તિ સમજાવી મોકલી. એ પણ તરફડીને ઊડી ગયો હતો. અને જુઓ મને લેવા પણ આવી ગયો છે.

બંને પોપટ માલિકને પણ 'પોપટ' બનાવી દીધો.

Email - sureshchandrabhatt18@gmail.com

જૂનું વર્ષ જાય અને નવું વર્ષ બેસે ત્યારે ઘરમાં સરવૈયું મેળવવાનો રિવાજ છે, આપણે પણ એવું એક સોશ્યલ ઓડિટ એટલે કે સામાજિક સરવૈયું મેળવી લઈએ કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સમાજમાંથી કઇ કઇ વસ્તુઓ ચલણમાંથી ગઇ અને કેટલી ટકી ગઇ

ચાલ, રિવર્સમાં જઇએ
વિચારયાત્રા

- ડો. જય ઓઝા

દિવાળીના તહેવાર પછી હવે માંડ બધા પરવાર્યા હશે. તહેવાર દરમ્યાન થયેલા ખર્ચ વગેરે વિગતનો હિસાબ હવે ઘણાંય ઘરમાં મંડાતો હશે. ઘરમાં નવું શું કરાવ્યું અને જૂનું શું ગયું એનું સરવૈયું મંડાતું હશે. જૂનું વર્ષ જાય અને નવું બેસે ત્યારે ઘરમાં સરવૈયું મેળવવાનો રિવાજ છે. આપણે પણ એવું એક સોશ્યલ ઓડિટ એટલે કે સામાજિક સરવૈયું મેળવી લઈએ કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સમાજમાંથી કઈ કઈ વસ્તુઓ ચલણમાંથી ગઈ અને કેટલી ટકી ગઈ

તમે તમારા ઘરથી માંડીને આસપાસના સમાજમાં જોશો તો ગણતરીનાં વર્ષોમાં થયેલા કેટલાંક નોંધપાત્ર ફેરફાર ડીને આંખે વળગશે. બદલાવ હવે એટલો ઝડપી બની ગયો છે કે એ કદાચ નોંધાતો પણ નથી. કેટલાંક વર્ષ અગાઉ બદલાવ કે સંક્રમણની ગતિ આટલી તેજ નહોતી. છતાંય, કેટલીક વસ્તુઓ છે જેના મૂળીયાં તકલાદી નથી હોતાં. તે કાળક્રમે ઝાંખી પડે છે કે સ્વરૂપ બદલે છે. વર્ષ પૂરું થાય ત્યારે નવા વર્ષની શરૂઆતે પાછલા વર્ષનો હિસાબ અને તાળો મેળવવામાં આવે છે. વિક્રમના નવા વર્ષે આપણે પણ છેલ્લાં કેટલાંક વર્ષોમાં થયેલા ફેરફારોની નોંધપોથી મેળવી લઈએ.

એક જમાનામાં મઢાવેલાં ડીગ્રી સર્ટિફિકેટ ઘરની ભીત પર લટકતાં જોવાં મળતાં હતાં. જેમાં ઘરના કોઈ જુનવાણી વડીલે એમ.એ કે એમ.કોમની ડીગ્રી લીધી હોય તો એનો ફોટો રહેતો હતો. તેમણે કોટ અને ટાઈ પહેર્યા હોય એવો જ ફોટો જોવા મળતો હતો. ફોટામાં તેમની આંખો થોડી ફાટી રહેતી, કારણ કે ફોટો પડાવવો તે એ જમાનામાં મોટી ઘટના ગણાતી હતી. તેથી અચંબાને કારણે આંખ થોડી પહોળી થઈ જતી. દીવાલોને બોલતી કરી ઠતાં એ ડીગ્રીવાળા ફોટાય હવે ગયા. હવે બધાં ઘરની ભીત કરતાં ફેસબુકની ભીતે ફોટા ચોંટાડવાનું વધુ પસંદ કરે છે.

ઘરમાંથી ઉંબરા અને ગોખલા ગયા. પીઢીયાવાળાં મકાનો ગયાં. ઘરની ઓળખ ઓટલા ગયા. ઓસરી, ફળિયું, વાડો, ઝરૂખો જેવા શબ્દો તો ગાઉ એક છેટા ચાલ્યા ગયા છે. શહેર જ નહી નાનાં ગામોમાં પણ જે નવાં મકાનો બને છે એમાં ગોખલા- ઉંબરાનો રિવાજ નથી. જુનવાણી મકાનોમાં રક્ષાં છે. 'ઉંબરો ઓળંગવો' એ કહેવત નવી જનરેશનને સમજાવવી ભારે પડશે. જેમ 'પાવલી' ચલણમાંથી નીકળીને ગીતમાં જ રહી ગઇ છે એમ ગોખલો શું છે એ સમજાવવા 'ગબ્બર ગોખમાં દીવા બળે રે...' ગરબો જ ગરજ સારશે.

હાકલ નાખીને શેરીએ શેરીએ મીઠું વેચવા નીકળનારા ગયા. ગામ-ગામડાંમાં હજીય ઓછાવત્તા પ્રમાણમાં વેચનારા નીકળતા હશે, પણ આ વાત ખાસ કરીને શહેરોને લાગુ પડે છે. મુંબઇ જેવા શહેરની આગવી શાન ગણાતી પારસીઓની ઈરાની રેસ્ટોરાં અડધોઅડધ બંધ થઇ ગઇ છે. દરેક ગામ કે શહેરની ફરતે વિકસેલાં નવાં ગામ કે શહેરમાં શેરીમાં ગાયો જોવા મળતી નથી. ગાયો શેરીમાંથી નીકળીને હાઈવે પર વિહરવાનું પસંદ કરવા માંડી છે.

લગ્ન કે અન્ય પ્રસંગોનો જમણવાર જેના વગર અધૂરો રહેતો એ મોહનથળ ગયા. લગ્નમાં વરરાજા પછી જે આદર અણવરને મળતો એવો જ માભો એક સમયે જમણવારમાં મોહનથાળનો હતો. મોહનથાળ થાળીમાં સેકન્ડ નંબરની મીઠાઇ તરીકે ફિક્સ જ ગણાતો હતો. નિમ્ન મધ્યમવર્ગીય પરિવારોમાં પ્રસંગમાં તો માત્ર એક જ મીઠાઇ રહેતી અને એ મોહનથાળ જ રહેતો હતો. મોહનથાળે કેટલાંય લોકોના પ્રસંગ સાચવી લીધા હતા. એ મોહનથાળ હવે તો ગામ-ગામડાંમાંથી પણ ગાયબ થઇ ગયો છે. ઢોકળાં હવે પીળાં ઉપરાંત સફેદ, ત્રિરંગી જેવા વિવિધ રંગના બનતા થયા છે. જો કે, પીળા ઢોકળાનો વટ હજી અકબંધ છે. જમણવારમાંથી પતરાવાળી અને પડિયાં પણ અલોપ થઇ ગયાં છે અને તેને સ્થાને ડિસ્પોઝેબલ થાળી-વાટકાં આવી ગયા છે.

પંગત ભોજનની મજા ગઈ અને ભે ભે જમવાના બૂફે આવ્યાં. બૂફે ભોજનમાં હજી પણ એવો સિનારિયો જોવા મળે છે કે વયોવૃદ્ધ લોકો ભરબૂફેમાં નીચે જ બેસીને ભોજન લે છે. બૂફેમાં ખુરશી ન મળવાને કારણે પણ કેટલાંય લોકો પંગત જમાવે છે. એ દૃશ્ય બહુ કોમિક હોય છે. પંગતભોજનમાં વ્યક્તિ પિરસવા નીકળે ત્યારે 'ચટણી...ચટણી','લાડુ...લાડુ ' જે લહેકામાં બોલતાં એ લહેકા ગયા. કચુંબરને લોકો હવે સેલડના નામે જ ઓળખે છે.

લેંઘો-ઝભ્ભો કે ધોતિયું-ઝભ્ભો પહેરીને પ્રસંગોમાં જમણવારનું ભોજન તૈયાર કરવા આવતા મહારાજો ગયા. તેમની જગ્યાએ કેટરર્સ આવી ગયા છે. એક જમાનામાં જે ઘરમાં લગ્ન લેવાયાં હોય ત્યાં વરરાજા કરતાંય બે ચાસણી ચઢિયાતો રૂતબો રસોઈના મહારાજ ભોગવતા હતા, કારણ કે મહેમાનો પ્રસંગનું આકલન હંમેશાં જમણવારથી જ કરતા હતા. આજે પણ એમ જ છે. લગ્નના અઠવાડિયા પહેલાં મહારાજને ઘેર બોલાવાતા હતા અને ભાણું (એટલે કે મેનુ) નક્કી થતું હતું. મહારાજનો પડયો બોલ ઝીલવા ઘરના સભ્યો તત્પર રહેતા હતા. ભોજન સમારંભની રસોઈ બનતી ત્યારે રાત્રે છોકરા'વની ટોળી મહારાજને કંપની આપતી હતી. મહારાજ એ ટોળી માટે મોડી રાત્રે ખાસ ભજિયાંનો સ્પેશ્યલ ઘાણ ઉતારતા હતા. એ મહારાજ સાથેની આખી ઘટનાનું એક અલગ રોમેન્ટિસીઝમ હતું. જે હવે ગયું છે. હવે કેટરર્સને ઓર્ડર અપાય છે અને ભોજન સમારંભ બાદ બાકીના અડધા પૈસા ચૂકવાય છે. પેલી જે 'ઘટના' હતીને એ જ ગાયબ થઈ ગઈ છે.

સવારના પહોરમાં લીલા દાતણ ગળે ઉતારીને ઓળ કાઢીને ચિત્રવિચિત્ર અવાજો કરતા લોકો ગયા. એ અવાજ પરથી કયો માણસ ઓળ કાઢે છે એ આખા મહોલ્લાને ખબર પડી જતી હતી. વહેલી સવારે શેરીએ શેરીએ ફરીને હાથમાં અરીસો પકડાવીને હજામત કરતાં વાણંદો ઘટયા છે. સવારે વાંદરા છાપ મંજન ઘસીને કાળું ડાચું કરીને ઘરની બહાર હારબંધ બેઠેલા લોકો ગયા. સવારના પહોરમાં બહાર નીકળો ને પાંચ-સાત લોકો વાંદરા છાપ મંજનથી કાળું મોઢું કરીને બેઠા હોય ને હસતાં હસતાં હોંકારો આપે એ સીન જ કડક કોમેડીવાળો લાગતો. ઘરમાંથી તાંબા પિત્તળનાં વાસણો ગયાં. એની સાથે 'કલઈ...કલઈ...' એવો સાદ પાડીને એ વાસણને વર્ષમાં એકાદ બે વાર ચમકાવવા આવતાં કારીગરો ગયા. સાડી - સેલાની જૂની જરી ખરીદવા આવતા ફેરિયા ગયા. 'ટર્ર...ટર્ર...' એવો અવાજ પીંજવાના યંત્રમાંથી કાઢીને ગાદલાં-ગોદડાં પીંજવા આવતા પીંજારા ઘટયા છે. ગલી-મહોલ્લામાં ઘંટડી વગાડીને સૂતરફેણી વેચવા આવનારા ઘટી ગયા છે. શેરીની વચાળે સાપોલિયાં અને નોળિયા ફેલાવીને ખેલ પાડતાં મદારીઓ ગયા. કરંડિયો ઘડે ત્યાં માથું ચકીને ફેણ કાઢીને ભા રહી જતા સાપ ગયા. દેશી મકાઈ ગયા અને એને સ્થાને અમેરિકન સ્વીટ મકાઈ આવ્યા. આ બધી ચીજવસ્તુઓમાંથી ભારતનું એક કિરદાર બનતું હતું.

ઢેણ્ટેણેન...

હિન્દી ફિલ્મોમાંથી કેવા કેવા ડાયલોગ્સ ગયા!? 'મૈં તુમ્હારે બચ્ચે કી માં બનનેવાલી હૂં.','મૈં ગીતા પર હાથ રખકર કસમ ખાતા(ખાતી) હું કી જો ભી કહુંગા સચ સચ કહુંગા. સચ કે ઈલાવા કુછ નહી કહુંગા..','બેટે, કુછ ખા લે..'.

ફિલ્મોમાં હવે કિસિંગ સીન એટલા કોમન બની ગયા છે કે ફિલ્મની હાઈલાઇટ ગણાતા બંધ થઇ ગયા છે. એક સમયે ફિલ્મોમાં હીરો-હિરોઇન નજીક આવતાં અને પડદા પર બે ફૂલ ભટકાવાતાં. બાકીની ઘટના માટે દર્શકોએ કલ્પનાનો જ સહારો લેવો પડતો હતો. એ ભટકાતાં ફૂલોના દ્રશ્યો ગયા. સિંગલ સ્ક્રીન સિનેમાઘરો ઘટતાં ગયાં છે. જોવાની વાત એ છે કે 'સિંગલ સ્ક્રીન' એવો શબ્દ પણ એ પ્રકારનાં સિનેમાઘર ઓછાં થવા મંડયાં ત્યારે જ આવ્યો. હવે તો મલ્ટિપ્લેક્સમાં એટલી બધી સ્ક્રીન પર ફિલ્મ રિલીઝ થાય છે કે ત્રણેક અઠવાડિયાંમાં તો સુપરહિટ ફિલ્મ પણ કરોડોની કમાણી ઉસેટીને પડદેથી તરી જાય છે તેથી 'સિલ્વર જયુબિલી' અને 'ગોલ્ડન જયુબિલીઓ' ગઈ. ફિલ્મની ટિકિટના કાળા બજારિયા પણ લગભગ ગયા.

... અને હા, ફિલ્મોમાં ફાઇટીંગ અગાઉ હીરો ક્યાંકથી કૂદીને આવે અને ખલનાયકો સામે મોરચે મંડાય ત્યારે બેકગ્રાઉન્ડમાંથી આવતા ઢેણ્ટેણેન... સાઉન્ડ પણ ગયો.

રોમેન્ટિક બંગડીવાળા!

દિવાળી હમણાં જ ગઇ છે. દિવાળીટાણે ગામ-ગામડાંમાં તો હજીયે ઘણી બહેનો રાતડી, વાનવા, મઠિયાં, ઘૂઘરા બનાવે છે. મોટાં શહેરોમાં તો આ વસ્તુઓ હવે સીધી દુકાનેથી ઘરે આવવા માંડી છે. શહેરમાં ઘણીય મહિલાઓ પતિની જેમ જ નોકરી પર જતી હોય છે તેથી તેમને આ પકવાનો બનાવવાનો સમય ન રહે એ પણ વાજબી છે.

હાથમાં શૉકેસ જેવી પેટી લઈને ગલી ગલીએ ફરતાં અને મહોલ્લામાં આવીને યુવતીનો હાથ પકડીને બંગડીઓ પહેરાવીને ટ્રાયલ કરાવતા બંગડીઓ વેચનારા રોમેન્ટિક ફેરિયા ગયા. હિન્દુસ્તાનમાં બંગડીઓવાળા જેવો રોમેન્ટિક વ્યવસાય ભાગ્યે જ કોઇ હશે! મેંદી હવે હાથ કરતાં માથા પર વધારે લાગવા માંડી છે. સેક્સી શીશીમાં વેચાતાં સોડમદાર અત્તર ગયાં અને ફિગરવંતી બોટલોમાં વેચાતાં સ્પે-પરફ્યુમ્સ આવ્યા. ઘરની મહિલાઓ રાત્રે અરીઠા પલાળીને સવારે વાળ ધોતી એ અરીઠાની પરંપરા પણ હવે ધોવાઈ રહી છે. વાસણ ઘસવામાં વપરાતી ચૂલાની રાખ ગઈ અને લિક્વિડ તેમજ સોપ આવી ગયા. વાસણ ઘસવામાં વપરાતાં સૂકા નાળિયેરનાં કૂચા ગયા અને તેને બદલે સ્ક્રબર આવ્યાં.

(ક્રમશઃ)

શેળો આમ તો રાત્રી દરમિયાન એકલું અટુલું ફરતું વિચિત્ર દેખાતું પ્રાણી છે, તે બહુ ઓછું જોવા મળે છે, ઉંદર જેવું આ પ્રાણી તેનાં કાંટાળા શરીરના કારણે તરત ઓળખાઇ જાય છે

શિયાળાની ઠંડીનો ચમકારો શરૂ થઇ ગયો હતો. હરણોદ્યાનમાં આવેલ મગર કુંડ અને મેડીટેશન હટની વચ્ચેના ભાગે આવેલ બગીચામાં આવીને હજુ હું ઊભો જ હતો. સૂર્યનાં સોનેરી કિરણો ઘાસ પરના ઝાકળ પર પડતાં મોતી ટાંક્યા હોય તેવાં સુંદર ઝાકળ બિંદુઓ અને છોડવાઓ પર ઊડતાં પતંગિયાને હું નીરખી રહ્યો હતો. આસોપાલવના વૃક્ષ પર બેઠેલ પંખીનો મધુરો ટહુકાર સંભળતો હતો. કયું પંખી છે તે જોવા મેં નજર દોડાવી પણ તે ઘટામાં છુપાયેલું હતું. ત્યાં દૂરથી દિલીપભાઇને મેં આવતા જોયા. દિલીપ દવે ઇ.ટી.વી. ગુજરાતી દ્વારા નિર્માણ પામી રહેલ એક પ્રાયોજિત શ્રેણી 'શાંત ઝરૂખે' ના ફલોર મેનેજર હતા. તેના શૂટીંગ માટે અવારનવાર આવતા તેથી તેમની સાથે મારો પરિચય થયેલો. ખુબ જ મતળાવતો માણસ. તેનો ઉત્સાહ પણ ગજબનો. તેને નજીક આવતાં કહ્યું.

'ગુડ મોર્નિંગ સાહેબ'

'ગુડ મોર્નિંગ દિલીપભાઇ વેરી ગુડ મોર્નિંગ શું ચાલે છે.'

'શુટીંગની તૈયારી કરીએ છી, આજે મનહરભાઇ જરા વહેલા આવી ગયા છે.'

'કયાં છે?'

'રેસ્ટ હટની પાછળના ભાગમાં ગાર્ડનમાં ટહેલી રહ્યા છે. તેમને અહીંનું પ્રાકૃતિક વાતાવરણ બહુ જ ગમે છે.'

'એ તો ગમે જ ને કલાકાર જીવ છે.'

'આવો સમય છે તો તમારી મુલાકાત તેમની સાથે કરાવું. તેમને કવિઓ, લેખકોને મળવાનું ગમે છે.'

'હાં, ચાલો' મેં કહ્યું અને અમે બંને રેસ્ટ હટ તરફ ચાલતા થયા. દૂરથી જોયું તો ટી.વી.ના પર્દે જેને આપણે સૂરીલા સ્વર સાથે માણીએ છીએ એ મનહર ઉદાસ બગીચાની લોનમાં ઊભા રહી છોડવાઓ પર ઊડતા રંગબેરંગી પતંગિયાને નીરખતા હતા. નજીક પહોંચ્યા એટલે તેમણે અમારા બંનેની તરફ જોયું અને ખુબ સરસ લાક્ષણિક સ્મિત આપ્યું. મેં નમસ્તે કહેતાં તેમણે આગળ આવી હાથ મિલાવ્યા.

'હું અહીં...'

'તમારી વાત મને દિલીપે કરેલી. તમને મળીને ખુબ આનંદ થયો.' મનહરભાઇ બોલ્યા. બ્લેક કલરની શેરવાનીમાં તે ખુબ જ પ્રભાવશાળી લાગતા હતા.

'તમે બંને ગોષ્ઠિ કરો ત્યાં સુધી હું મારી તૈયારીઓ કરાવી દઉં.' કહી દિલીપભાઇ ત્યાંથી નીકળ્યા.

'આ મારું પુસ્તક છે. 'અરણ્યલોક' તેમાં મારા પ્રકૃતિ કાવ્યો છે. તમને એ જરૂરથી ગમશે.'

'કેમ ન ગમે એક પ્રકૃતિની વચ્ચે સદા રહેનારે તેની રચના કરી હોય તો તે જરૂરથી ગમે' પુસ્તકને હાથમાં લેતાં મનહરભાઇએ કહ્યું.

'તમારી ગઝલોના લગભગ બધાં આલ્બમ મારી પાસે છે. ફૂરસતની પળોમાં સાંભળવાની ખુબ જ મજા આવે છે.'

'એ તો તમારા જેવા શાયરો અને કવિઓની મહેરબાની છે. મેં તો શબ્દને માત્ર સૂર આપ્યા છે.'

'શબ્દને સૂરનો સંગાથ કેવા સુંદર પરિણામો આપી શકે તે તમારી ગઝલો સાંભળતાં અનુભવાય છે. તમારો અવાજ ખરેખર કુદરતની અમોલ દેણ છે.'

'હા, તેમાં પણ જયારે નિસર્ગનો માહોલ મળે ત્યારે બહુ ગમે છે. હું આવ્યો ત્યારે શૂટીંગની તૈયારીઓ થયેલી ન જોઇને મને જરાક ગુસ્સો આવી ગયેલો પણ તમારા આ ઉદ્યાનની હરિયાળી, પંખીનો કલરવ અને પતંગિયાની ઊડાઊડ મારા ગુસ્સાનું બાષ્પિભવન કરી નાંખ્યું. જેમ થોડીવાર પહેલાં આ છોડવાઓ પર ઝાકળ બિંદુઓ ચમકતા હતા તે સૂર્યના કિરણોથી બાષ્પ બની ગયાં લગભગ એમ જ.'

'એ તો સારું જ થયું. વળી મને પણ તમને મળવાનો અવસર મળ્યો, તમે તો ગુજરાતી ગઝલને ઘેર ઘેર ગુંજતી કરી છે.' મેં કહ્યું, તેમણે હકારમાં માથું હલાવીને સ્મિત વેર્યું. પછી તો ગુજરાતી ગઝલ અને ગઝલકારો, ગુજરાતી ગઝલની વિશેષતાઓ વિષે ઘણી વાતો થતી હતી ત્યાં અચાનક તેમણે મને પ્રશ્ન કર્યો.

'આજે સવારે પ્લેનમાં વહેલો આવી ગયો એટલે હોટલ પર ફ્રેશ થઇને સીધો જ અહીં આવ્યો. શૂટીંગની તૈયારી થઇ નહોતી પણ અહીં વાતાવરણ સારું હતું એટલે બગીચામાં ફરવા લાગ્યો ત્યારે એક ટચુકડું વન્યપ્રાણી મને જોવામાં આવ્યું.'

'કયું હતું?'

'તમારા અહીંના વોચમેનને મેં બોલાવીને બતાવેલું તેણે કહ્યું કે શેળો છે. શેળા વિષે સાંભળેલું ખરું પણ જોયો આજે જ. પહેલાં તો એ ચાલતાં હતો પણ અને નજીક ગયા એટલે એ દડાની જેમ ગોળ ગુંચળું વળી ગયો.'

'કયાં છે?'

'અહીં સામે જ હતો. કયારે અમારી નજર ચુકાવીને જતો રહ્યો તે ખબર નથી. અત્યારે તો ત્યાં દેખાતો નથી.' મનહર ભાઇએ આશ્ચર્ય સાથે કહ્યું.

'તમારી વાત સાચી છે. શેળો આમ તો રાત્રી દરમિયાન એકલું અટુલું ફરતું વિચિત્ર દેખાતું પ્રાણી છે. તે બહુ ઓછું જોવા મળે છે. ઉંદર જેવું આ પ્રાણી તેનાં કાંટાળા શરીરના કારણે તરત ઓળખાઇ જાય છે. અણીદાર મોઢું ધરાવતા આ પ્રાણીના પગ ઉંદર જેવા હોય છે. પગમાં પાંચ આંગળીઓ હોય છે. તે પંજા પર ચાલે છે.'

'મને તો શેળો બહુ ચપળ લાગ્યો હોં!'

'તમારી વાત સાચી છે. શેળાને જોખમ જણાય ત્યારે પગ અને મોઢું ભેગું કરી ગોળ દડા જેવો આકાર બનાવી લે છે. આ કાંટાવાળા દડાને કારણે શિકાર ફાવી શકતા નથી. જો કે કેટલાક શિકારી પ્રાણીઓ શેળાની બાજુમાં છુપાઇને બેસે છે અને જયારે શેળો ભય જતો રહ્યો છે એમ માની ચાલવા જાય છે કે તરત તેના પર તરાપ મારી તેને પકડી લે છે.'

શેળાને સાપ વચ્ચે વેર હોય એ વાત ખરી? અમે જયારે નાના હતા ત્યારે મદારીઓ પાસેથી એવું સાંભળેલું જો કે મેં શેળાને જોયો તો આજે જ મનહર ઉધાસે કહ્યું,

'હાં, શેળો સાપને મારી નાંખે, તે સાપની પુંછડી પકડીને ગોળ દડા જેવો બની જાય. પૂંછળી છોડાવવા સાપ તેના પર ફેણથી પ્રહારો કરે. ત્યારે શેળાના કાંટા વાગવાથી સાપ ઘાયલ થઇ જાય. ત્યારે પુંછડી છોડીને શેળો તેનું મોં પકડી લઇ મારી નાંખે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

માલતીબેનની જન્મભૂમિ જામનગર છે, એસ.એસ.સી. પાસ કરીને માત્ર સોળ વર્ષની ઉંમરે તેમણે બાલમંદિરની નોકરી સ્વીકારી અને નોકરી કરતાં કરતાં બી.એ. સુધીનો અભ્યાસ કર્યો

માલતીબેન મેસવાણીયા

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

માતુશ્રી નર્મદાબેન અને પિતાશ્રી વલ્લભદાસના સવાણીયા પરિવારમાં તા. ૧૧-૦૯-૧૯૫૬ના રોજ જન્મેલા માલતીબેનની જન્મભૂમિ જામનગર છે. એસ.એસ.સી. પાસ કરીને માત્ર સોળ વર્ષની ઉંમરે તેમણે બાલમંદિરની નોકરી સ્વીકારી અને નોકરી કરતાં કરતાં બી.એ. સુધીનો અભ્યાસ કર્યો.

૨૧ વર્ષની ઉંમરે તેમના લગ્ન થયાં. જરૂરિયાત હોવાથી પોરબંદર સાસરે પણ બાલમંદિરની નોકરી કરી. વિશ્વકર્માની દીકરી એટલે સિલાઈકામ પણ આવડે. સિલાઈકામને લગતી પરીક્ષા ટેકનિકલ બોર્ડ દ્વારા લેવામાં આવે છે તે ટી.ટી.એન.સી.ની પરીક્ષા ફર્સ્ટ કલાસ લાવીને પાસ કરી. અગિયાર વર્ષ સુધી લગ્નજીવન સુખમય બને તે મથામણ કરી પરંતુ આખરે પતિથી છૂટા પડવું પડ્યું અને તે સમય તેમના જીવનનો સંઘર્ષમય બની રહ્યો. પરંતુ આ નારી હિંમત હારે તેવી નહોતી.

પોરબંદરથી રાજકોટ માતા-પિતાના ઘરે આવ્યા ત્યારે તેમની પાસે માત્ર બસો રૂપિયા હતા. મનમાં સંકલ્પ કર્યો કે એકલી રહીશ પણ કોઈની પાસે હાથ લાંબો નહી કરું. બીજા જ દિવસે અંકુર વિદ્યાલયમાં શિક્ષક અનેકર્લાકની નોકરી મળી ગઈ. એ દિવસોમાં સવારે સાતથી સાંજે છ વાગ્યા સુધી મહેનત કરી. એક વર્ષ બાદ માતા-પિતાથી છૂટી પડી ભાડાની રૂમમાં માલતીબેન રહેવા લાગ્યા. મનમાં સંકલ્પ કર્યો કે મારે ઘરનું મકાન બનાવવું જ છે. એ સમયે તેમની પાસે થોડી બચત હતી અને માસા હરિભાઈ સંચાલણીયાએ થોડી મદદ કરી અને ઘરનું મકાન બનાવ્યું. ઉપરના ભાગે પોતે રહે અને નીચે મકાન ભાડે આપી દીધું. હાલમાં તેઓશ્રી બીજા મોટા મકાનમાં રહે છે અને ઉપર પોતે રહે અને નીચે સુતાર ભાડઆતો રહે છે. વિશ્વકર્મા સમાજમાં હાલમાં માલતીબેનની સારી ચાહના છે.

માલતીબેન જીવનમાં આ રીતે ઉત્તરોત્તર સફળતા હાંસલ કરે છે તો બીજી તરફ કુદરતે એક પછી એક કારમા ઘા આપીને આ નારીની ખરી કસોટી કરી છે. એક તરફ માલતીબેન શાળાની પ્રવૃત્તિમાં ઓતપ્રોત જોવા મળે છે. સારી કામગીરી જોઈને તેમને સ્કૂલનું મેનેજમેન્ટ સોંપવામાં આવ્યું અને સ્કૂલમાં શાળાના આચાર્ય તરીકેની ફરજ બજાવતા બજાવતા માલતીબેન આંબેડકર યુનિવર્સિટીમાં એમ.એ. પાસ થયા અને કોમ્પ્યુટરનો કોર્સ કરી કમ્પ્યુટરનું આધુનિક જ્ઞાન પણ મેળવ્યું.

માલતીબેનને બે ભાઈઓ અને પોતે ત્રણ બહેનો. તેમના નાનાભાઈ રમેશભાઈને માત્ર ચાલીસ વર્ષની નાની વયે એટેક આવ્યો અને મૃત્યુ પામ્યા. ભાઈને બે નાના દીકરા. તેમની જવાબદારી માલતીબેન ઉપર આવી પડી. ભાભીને પણ સંભાળવાના. ત્યારબાદ છ માસ બાદ તેમના બહેન જેઓ દારેસલામ આફ્રિકા રહેતા હતા તેમનું અવસાન થયું. તેમના બંને બાળકો નાના. એક પાંચ વર્ષનો અને બીજો દશ વર્ષનો. માલતીબેનને કારમો આઘાત લાગ્યો કે બાળકોનું શું થશે. જો કે બંને બાળકોને બહેનના જેઠ-જેઠાણીએ સંભાળી લીધા. એક વર્ષ પછી તેના પતિ પણ ગુજરી ગયા અને બાળકો સાવ મા-બાપ વગરના બની ગયા. માલતીબેન કહે છે કે યમરાજાને પણ અમારું જ ઘર દેખાતું હોય તેમ મોટાભાઈ ગુજરી ગયા પછી પાંચ જ વર્ષમાં નાનાભાઈનું પણ અવસાન થયું. તે પણ માત્ર ચાલીસ વર્ષની ઉંમરે. તેમની દીકરી આઠમા ધોરણમાં ભણે અને દીકરો ત્રીજા ધોરણમાં નાના ભાભીને તેમના માતા-પિતા લઈ ગયા અને અમારી સહમતીથી બીજે પરણાવી દીધા. ત્યારબાદ તેમના પિતાશ્રી અને માતુશ્રી પણ અવસાન પામ્યા. પણ ઘર-કુટુંબના બાળકોએ અને સ્કૂલના બાળકોએ તેમને એકલતા સાલવા દીધી નથી. તેઓશ્રી માને છે કે ભલે મારે બાળક ન હોય પરંતુ આ બધા બાળકો મારા જ છે.

માલતીબેન કહે છે કે મેસવાણીયા પરિવારનો પૂરો સાથ સહકાર મને મળે છે. દર વર્ષે મેસવાણીયા પરિવાર દિવાળી પછી દેવડા ગામે સ્નેહમિલન યોજે છે. દરવર્ષે હવન, દેવનું કાર્ય કરે છે. માલતીબેનને પણ